બાયડ-ગાબટ ગોમતીવાડ બ્રાહ્મણ સમાજનું ગૌરવ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

બાયડ તાલુકાના ગાબટના વતની (હાલ રહે.બાયડ) ગુણવંતલાલ સોમેશ્વરભાઈ જોષી(નિવૃત્ત શિક્ષક : ગાબટ હાઈસ્કુલ પ્રા. વિભાગ) અને દક્ષાબેન જોષીના પુત્ર ચિંતનકુમાર જોષી (નાયબ કાર્યપાલક ઈજનેર)ની શ્રેષ્ઠ કામગીરી બદલ નર્મદા પાણી સ્ત્રોતો પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર, ગાંધીનગર પંચાયત સિંચાઈ સર્કલ-ગાંધીનગર દ્વારા તેમની ઉમદા કામગીરી બદલ મુખ્ય ઈજનેર ડા.ધીમંત બી. વ્યાસની ઉપસ્થિતિમાં સન્માનિત કરાતાં સમસ્ત ગોમતીવાડ સમાજનું ગૌરવ વધારતાં સૌએ અભિનંદન પાઠવ્યા છે.

ચૌધરી સમાજનું ગૌરવ

ભિલોડા,તા.૬

ભિલોડા તાલુકાના મોંધરી ગામના વતની અને ભિલોડા પ્રાથમીક શાળા નંબર.૧ ના આચાર્ય કાંતીલાલ એસ.પટેલના પુત્ર સ્વપ્નિલભાઈએ ગાંધીનગર ચૌધરી કોમર્સ કોલેજમાં અધ્યાપક પદે નિયુક્ત કરાતા આનંદની લાગણી પ્રસરી છે.સ્વપ્નિલભાઈ પટેલએ A study on influence of csr on financial and non financial perfomance on of selected indian bank વિષય પર ડા.ગુરૂદત્ત પી.જપ્પીના માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલા મહાશોધ નિબંધને માન્ય રાખી ગુજરાત યુનિવર્સિટીએ Ph.D. ની પદવી એનાયત કરી છે.ડાક્ટરેટની પદવી પ્રાપ્ત કરવા બદલ આંજણા કેળવણી મંડળ,પ્રમુખ હરીભાઈ ચૌધરી,આંજણા (ચૌધરી) જ્ઞાતિના આગેવાનોએ ઉજ્વળ ભવિષ્યની શુભકામનાઓ સાથે સમાજનું ગૌરવ વધારવા બદલ બિરદાવ્યા હતા.

ભિલોડામાં નેત્ર નિદાન કેમ્પ યોજાયો

ભિલોડા,તા.૬

ભિલોડા ઉદય સેવા સંસ્થાન,વીર ભાથીજી મહારાજ,મહાકાલી સેવા ટ્રસ્ટ,નવી વસવાટ ધ્વારા આયોજીત મફત નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો.૧૭૦ દર્દીઓની આંખોની તપાસ કરાઈ હતી.૭૦ થી વધુ દર્દીઓને મફત દવા અપાઈ હતી.૩૮ દર્દીઓને મોતીયો હોઈ સંસ્થા ધ્વારા આગામી તા.૧૬/૨/૨૦૨૧ ના રોજ બારેજા,અમદાવાદ મુકામે ઓપરેશન માટે લઈ જવાશે.કેમ્પને સફળ બનાવવા ઉદય સેવા સંસ્થાના જીતેન્દ્ર ભાટીયા,સુરેશભાઈ,બિપીનભાઈ, ડાહ્યાભાઈ,રાજુભાઈ, વલ્કેશભાઈ, જે.પી.શર્મા, વીર ભાથીજી મહારાજ, મહાકાલી સેવા ટ્રસ્ટના રમેશભાઈ,અરવિંદભાઈ, જયેશભાઈ,રામાઅવતાર, અશ્વિનભાઈ, બારેજા હોસ્પિટલના સૌમેનજી સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાંતિજ ખાતે જગત જનની ઉમિયા દર્શન પરિક્રમા સંકલ્પ યાત્રાનું ભવ્ય સ્વાગત

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન સાંસ્કૃતિક કન્વીનર સાગર પટેલ સહિત ટીમ ઉપસ્થિત રહી : શ્રી બ્રહ્માણી માતાજીના મંદિર ખાતે આરતી યોજાઈ : પટેલ સમાજના ભાઈ-બહેનો સહિત અન્ય સમાજ ના લોકો ઉપસ્થિત રહ્યા હતા

પ્રાંતિજ તા.૬

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે જગત જનની ઉમિયા દર્શન પરિક્રમા સંકલ્પ યાત્રા આવી પોહચી હતી જેમાં પ્રાંતિજ ખાતે રહેતા પટેલ સમાજના ભાઈ-બહેનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા આયોજિત જગત જનની ઉમિયા દર્શન પરિક્રમા સંકલ્પ યાત્રા આજે પ્રાંતિજ ખાતે આવી પોહચી હતી જેમાં પ્રાંતિજ ખાતે રહેતા પટેલ સમાજ ના ભાઈ-બહેનો દ્વારા સંકલ્પ યાત્રાનું ગામની ભાગોળ ખાતે સ્વાગત કરી વાજતે ગાજતે પ્રાંતિજ નાનીભાગોળ ખાતે આવેલ શ્રી બ્રહ્માણી માતાજી ના મંદિર ખાતે લઈ ગયા અને જયાં વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન સાંસ્કૃતિક કમિટીના કન્વીનર સાગર પટેલ તેમણી જોડે લાવેલ માં ઉમિયા માતાજી ની મૂર્તિ નું પૂજા અર્ચના કરી આરતી ઉતારવામાં આવી હતી તો આ જગત જનની ઉમિયા દર્શન પરિક્રમા સંકલ્પ યાત્રા પ્રાંતિજ સહિત તાલુકામાં આવેલ પાટીદાર સમાજ ના ગામે ગામ થઈને કુલ-૨૪૫ મંદિરમાં જઈ ૯૦ દિવસની યાત્રાની યાત્રા પુણ કરવામાં આવશે તો આ અને વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન સાંસ્કૃતિક કમિટી ના કન્વીનર સાગર પટેલે જણાવ્યું હતું કે આ યાત્રા નો મુખ્ય ઉદેશ એ છે કે જે ગામમાં માં ઉમિયા નું મંદિર નથી તે જગ્યાએ મા ઉમિયા નું મંદિર અને પાટીદાર સમાજના લોકોમા ભાઈચારો એકતા બની રહે તે માટે સંકલ્પ યાત્રા અને એકતા યાત્રા નું આયોજન કરવામાં આવ્યું છે તો આ પ્રસંગે સંજયભાઈ પી.પટેલ , સંજયભાઈ આઈ.પટેલ, અશોકભાઈ એ.પટેલ, અશોકભાઈ ઉછાવાળા, દિપકભાઈ પટેલ સહિત વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન ના સભ્યો કમિટી મેમ્બર્સ ઉપસ્થિત રહ્યા હતાં.

ખેડૂતોએ આપેલ ચક્કાજામમાં ઉત્તર ગુજરાતના ખેડૂતો દૂર રહ્યા

મોડાસા ટાઉન પોલીસે ૧ યુવતી સહીત ત્રણ ખેડૂત નેતાની અટકાયત કરી

મોડાસા, તા. ૬

કૃષી કાયદાઓના વિરોધમાં દેખાવો કરી રહેલા ખેડૂતોએ શનિવારે રાષ્ટ્રવ્યાપી ચક્કાજામની જાહેરાત કરવામાં આવી હતી જેમાં સમગ્ર દેશમાં રાષ્ટ્રીય અને રાજ્ય ધોરીમાર્ગો પર બપોરે ૧ ૨ વાગ્યાથી ૩ વાગ્યા સુધી વાહનોને ચલાવવા નહીં દેવામાં આપેલ એલાનમાં ઉત્તર ગુજરાત સહીત અરવલ્લી જીલ્લાના ખેડૂતો દૂર રહ્યા હતા બીજીબાજુ મોડાસા ટાઉન પોલીસે ખેડૂત અગ્રણી ડાહ્યાભાઈ જાદવ,બાબુ ભાઈ અને એસએફઆઈની વિદ્યાર્થી નેતા માનસીની અટકયાત કરી પોલીસ સ્ટેશનમાં નજરકેદ કરાયા હતા ચક્કાજામનો સમય પૂર્ણ થતા ત્રણેને છોડી મુકવામાં આવ્યા હતા અરવલ્લી પોલીસે રતનપુર ચેકપોસ્ટ પર જડબેસલાક બંદોબસ્ત ગોઠવી દીધો હતો

ખેડૂત આંદોલનમાં અપાયેલ ચક્કાજામના પગલે ઉત્તર ગુજરાત સહીત અરવલ્લી જિલ્લામાં પોલીસ સતર્ક બની હતી અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના ખેડૂત અગ્રણીઓની પોલીસે અટકાયત કરી લેતા અને ખેડૂતો પણ ચક્કાજામ કાર્યક્રમથી અળગા રહેતા રોડ પર વાહનવ્યવહાર પર કોઈ અસર થઈ ન હોતી મોડાસા ટાઉન પોલીસે અટકયાત કરેલ ખેડૂત અગ્રણી ડાહ્યાભાઈ જાદવે પોલીસતંત્રએ અટકાયત કરી લેતા પોલીસ સરકારના ઈશારે કામ કરી રહી હોવાનો અને ભાજપ સરકાર પોલીસનો ભરપૂર ઉપયોગ કરી લોકશાહીનું હનન કરી રહી હોવાનું આક્રોશ સાથે જણાવ્યું હતું

જિલ્લો બદલાયો પરંતુ ભૂડાસણ ગામનું ભદ્રાસણ નામ કરી ન શકાયું..!!

છેલ્લા ૧૩ વર્ષથી દરખાસ્ત મંજૂર પરંતુ નામ બદલાયું નથી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના ભુડાસણ ગામનું નામ બદલી ભદ્રાસણ કરવાનો અખંડ સાબરકાંઠાની જિલ્લા પંચાયત સામાન્ય સભામાં ઠરાવ કર્યાના ૧૩ વર્ષ પછી અને જિલ્લો બદલાયો છતાં નામ બદલી શકાયું નથી. જિલ્લા પંચાયતની સામાન્ય સભાના ઠરાવનો દાયકો પસાર થયા પછી પણ અમલ થતો ન હોય તો પ્રજાના કામો બાબતે કોઈ વિચારવા જેવું ખરૂં.

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકાના ૧૬૦૦ થી વધુ ગામડાઓ પૈકી અનેક ગામડાઓના નામ ગામની નવી પેઢીને પસંદ નથી. પરંતુ નામ બદલવા માટે લાંબી ક્વાયત કરવી પડતી હોય છે અને મહેસૂલ વિભાગમાં તેનું ગેજેટ મંજૂર કરાવવું પડતું હોય છે. અખંડ સાબરકાંઠા જિલ્લામાં બાયડ તાલુકાના ભુડાસણ ગામનું નામ બદલીને ભદ્રાસણ કરવા માટેની લેખિત દરખાસ્ત કરવામાં આવી હતી અને જે તે સમયે ભા.જ.પ. શાસિત જિલ્લા પંચાયતમાં નામ બદલવાનો ઠરાવ કારોબારી તેમજ સામાન્ય સભામાં સર્વાનુમતે મંજૂર થયાના એક દાયકા પછી પણ ભુડાસણ ગામનું નામ આજે પણ બદલી શકાયું નથી. જિલ્લાના ૪૦ થી વધુ ગામો એવા છે કે ગામની નવી પેઢીને તેમના ગામનું નામ ગમતું નથી.

રાજ્યના અનેક વિસ્તારના પ્રાચીન નામો ઉપર નજર

વર્તમાન નામ	પ્રાચીન નામ
ભાવનગર	ગોહીલવાડ
વડોદરા	વટપદ્રક
સુરત	સૂર્યપુર
જામનગર, દેવભૂમિ દ્વારકા	હાલાર
હિંમતનગર	અહમદનગર
પાલનપુર	પ્રહલાદનગર
કડી	કતીપુર
વિસનગર	વિસલનગર
ખંભાત	સ્તંભતિર્થ
કપડવંજ	કર્પણવાણિજ્ય
વલસાડ	વલરખંડ
વડાલી	વટપલ્લી
વાલોડ	વડવલ્લી
ખેડા	ખેટક
વેરાવળ	વેરાકુળ
તિથલ	તિર્થસ્થળ
વાત્રક	વાર્ત્રગ્નિ
ડભોઈ	દર્ભવતી
વઢવાણ	વર્ધમાનપુર
શંખલેશ્વર	શંખપુર
ચાંપાનેર	મુહમ્મદાબાદ
અમદાવાદ	કર્ણાવતી
વડનગર	આનંદપુર, આનર્તપુર, ચમત્કારપુર
મોડાસા	મહુડાસુ
તારંગા	તારણદુર્ગ
ગણદેવ	ગુણપદીકા
ધોળકા	ધવલ્લક
સાબરમતી	શ્રાભ્રમતી
અંકલેશ્વર	અંકુલેશ્વર
બનાસ	પરણાસા
મોઢેરા	ભગવદગામ
નર્મદા	રેવા
દાહોદ	દધીપદ્ર
પોરબંદર	સુદામાપૂરી
જુનાગઢ	સોરઠ
ગીરનાર	રૈવતક
અમરેલી	અમરાવતી
નવસારી	નવસારીકા
સુરેન્દ્રનગર	ઝાલાવાડ
દ્વારકા	દ્વારવતી
ભરૂચ	ભૃગુકચ્છ
ડાકોર	ડંકપુર
ભદ્રેસર	ભદ્રાવતી
હળવદ	હલપદ્ર

બાયડના નિવૃત્ત શિક્ષક દંપતિનું રામ મંદિર નિર્માણ માટે રૂા.૨૧ હજારનું દાન

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૬

ભારત દેશની પ્રજાના આસ્થાનું પ્રતિક સમા રામ મંદિરના નિર્માણ માટે બાયડ શહેરમાંથી નિર્માણનીધી અન્વયે દાન એકત્ર કરવામાં આવી રહ્યું છે ત્યારે બાયડની વલ્લભનગર સોસાયટીમાં રહેતા નિવૃત્ત શિક્ષક દંપતિ વી.એમ. પટેલ(પૂર્વ અધ્યક્ષ : સાબરકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ) અને પુષ્પાબેન પટેલ(નિવૃત્ત મુખ્ય શિક્ષક : બાયડ સ્ટેશન શાળા)એ રૂા.૨૧ હજારનું દાન રામ મંદિર નિર્માણ માટે આપી ધર્મ પ્રત્યેની આસ્થા ઉજાગર કરી હતી. બાયડ હાઈસ્કુલના આચાર્ય તરીકે નિવૃત્ત થયા પછી વી. એમ. પટેલે અન્ય સામાજીક પ્રવૃત્તિઓમાં પણ પોતાનું અનોખું યોગદાન આપી અન્ય નિવૃત્ત શિક્ષકો માટે પ્રેરણાસ્ત્રોત બન્યા છે. બાયડના સોસાયટી વિસ્તાર તથા ગામમાં જનજન રામ મંદિર નિર્માણ માટે દાન આપી રહ્યા છે જેના કારણે નિર્માણનીધી એકત્રિત કરતા કાર્યકરોમાં ખુશાલી જોવા મળી છે. નિવૃત્ત શિક્ષક દંપતિએ ભાવુક થઈને જણાવ્યું કે અમારી હયાતીમાં અમે ભગવાન રામ લલ્લાના જન્મ સ્થાન અયોધ્યામાં

યાત્રાધામ શામળાજીમાં અરવલ્લી જીલ્લા વહીવટી કર્મચારી સંઘની બેઠકમાં મહામંત્રી તરીકે કૌશિક સોનીની સર્વાનુમતે નિમણુંક

મોડાસા, તા. ૬

ભિલોડા તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી ખાતે શનિવારે અરવલ્લી જિલ્લા વહીવટી કર્મચારી સંઘની કારોબારી સમિતિની મીટીંગ અધ્યક્ષ મહેન્દ્ર પટેલ અને જિલ્લા પ્રમુખ રાજેન્દ્ર પટેલ ઉપસ્થિતિમાં યોજાઈ હતી જેમાં વહીવટી કર્મચારી સંઘના મંત્રી તરીકે ફરજ બજાવતા હિમાંશુ ભાઈનું થોડા સમય અગાઉ દુઃખદ અવસાન થયું હોવાથી મૌન પાડી શ્રદ્ધાંજલી આપ્યા બાદ મીટીંગનીનો પ્રારંભ થયો હતો જેમાં જિલ્લા માધ્યમિક અને ઉ.મા વિભાગ વહીવટી સંઘ ના મહામંત્રી કિશોરભાઈ પંચાલ (ભિલોડા)વય નિવૃત થતા તેમના સ્થાને વહીવટી સંઘ ના મહામંત્રી તરીકે સર્વાનુમતે કૌશિક પી.સોની (ભિલોડા)ની નિમણુંક કરવામાં આવી હતી તેમજ મંત્રી તરીકે મહેશભાઈ પટેલ (બાયડ) નારાયણદાસ પટેલ (ધોલવાણી,ભિલોડા), અન્વેશક તરીકે જગદીશ પ્રજાપતિ (કિશનગઢ,ભિલોડા)સંગઠન મંત્રી અર્જુનસિંહ ઝાલા (બાયડ),કોષા ધ્યક્ષ અશોકભાઈ પટેલ ની નિમણૂક કરવામાં આવી હતી જિલ્લા માધ્યમિક વહીવટી કર્મચારી સંઘ તમામ હોદ્દેદારો અને વહીવટી કર્મચારીઓ અભિનંદન પાઠવ્યા હતા મિટિંગમાં રાજય સંઘના પ્રમુખ મહેન્દ્ર પટેલ ની સેવાઓને બિરદાવી તેમનું જિલ્લા સંઘ તરફથી સન્માન કરાયું હતું.નિવૃત થયેલા કિશોરભાઈ પંચાલ અને જયતિભાઈ પટેલ,તરૂણભાઈ ગોરને સન્માનીત કરાયા હતા

બામણામાં એન.એસ.એસ. અંતર્ગત કેમ્પસ સફાઈ કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૬

બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ,મુંબઈ સંચાલિત સ્વ.એચ.એચ.જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં એન.એસ.એસ. અંતર્ગત કેમ્પસ સફાઈનો કાર્યક્રમ યોજાયો હતો.કોલેજના વિદ્યાર્થી સ્વયં સેવકોએ કેમ્પસમાં સફાઈ કરી હતી.કોલેજ સ્ટાફ હાજર રહ્યો હતો.કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રો.ઓ. ડા.નિવૃત્તી આર.જોષીએ કર્યું હતું.

અવસાન નોંધ..

ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામના વહેપારી અગ્રણી ઓચ્છવભાઈ રમણલાલ શાહનાં પત્નિ અને ઈલેશભાઈ શાહ, જયેશભાઈ શાહનાં માતૃશ્રી સુશીલાબેન શાહનું નિધન થયેલ છે.

ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામના દિનેશભારથી ગોસ્વામી, નરેન્દ્રભારથી ગોસ્વામી(ઈજનેર) અને સંગીતાબેન ગોસ્વામીના પિતા ગોવિંદભારથી કેશાભારથી ગોસ્વામી(નિવૃત્ત આચાર્ય)નું નિધન થયેલ છે.

બાળ મજૂરી પ્રકરણ : સાબરકાંઠા સરકારી શ્રમ અધિકારીની નબળી કામગીરી સામે ફીટકાર

ગત વર્ષથી સપ્તાહમાં ૨ દરોડા પાડવાના આદેશ હોવા છતાં પાલન કરાયું નથી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

ખેડબ્રહ્માની ૨ સીડ્સ કંપનીમાંથી બચપન બચાવો સંસ્થાએ ૬૪ બાળમજૂરોને મુક્ત કરાવ્યા પછી સાબરકાંઠા સરકારી શ્રમ અધિકારીની નબળી કામગીરી સામે રોષ પ્રવર્તિ રહ્યો છે જેના ઉગ્ર પ્રત્યાઘાત રાજ્યના પાટનગર સુધી પહોંચ્યા છે. ગત વર્ષે સુરતની કાપડ માર્કેટમાંથી ૧૪૦ બાળ મજૂરોને મુક્ત કરાવ્યા પછી વિભાગ દ્વારા બાળમજૂરીને નાથવા સપ્તાહમાં ૨ દરોડા પાડવાના આદેશ આપવામાં આવ્યા હતા પરંતુ ગુજરાતી આરંભે સૂરોની જેમ એકાદ-બે મહિના દરોડા પાડવાનાં ત્રાગાં કરી પછી વિંટો વાળી દેવાતાં જિલ્લામાં બાળમજૂરી ફૂલીફાલી હોવાના ગંભીર આક્ષેપ થયા છે.

જિલ્લાના પાટનગર સહિત તેના ગ્રામ્ય વિસ્તારોમાં બાળમજૂરીનું દૂષણ ફૂલ્યું ફાલ્યું છે પરંતુ તંત્રની નબળાઈથી તેના ઉપર અંકુશ આવતો નથી. જિલ્લા સરકારી શ્રમ અધિકારીની કચેરી સામે લાંબા સમયથી ગંભીર આક્ષેપો થયેલા છે ત્યારે ખેડબ્રહ્માના વાસણા અને ગાડું ગામના સીમાડામાં આવેલી બે સીડ્સ કંપનીમાં બાળમજૂરી થતી હોવાની બચપન બચાવો એન.જી. ઓ. સંસ્થાએ ફરિયાદ કરતાં તંત્ર ઉંધા માથે થઈ ગયું અને તપાસ કરતાં ૫ ડઝનથી વધુ બાળમજૂરો મળી આવ્યા હતા. મોટી સંખ્યામાં બાળમજૂરો કામ કરતા હોવા છતાં સાબરકાંઠા શ્રમ અધિકારી કચેરી સાબરકાંઠામાં બે અધિકારીઓ ફરજ ઉપર હોવા છતાં ૮ તાલુકાનું પણ ધ્યાન રાખી શકતા નથી તેવી નબળી કામગીરીની તાસિર ઉભી થઈ છે. જિલ્લા કલેક્ટરે નબળી કામગીરી બદલ બંન્ને અધિકારીઓ સામે પગલાં ભરવાં જોઈએ જેથી બાળમજૂરીનું દુષણ નેસ્ત નાબૂદ થઈ જાય. ગત વર્ષે સુરતના કાપડ માર્કેટમાંથી ૧૪૦ બાળમજૂરો મળી આવ્યા પછી રાજ્ય સરકાર ઉપર પસ્તાળ પડી હતી અને ત્યારબાદ તમામ જિલ્લાના શ્રમ અધિકારીઓને સપ્તાહમાં ૨ દરોડા પાડવાના આદેશ આપવામાં આવ્યા હતા તો પછી જિલ્લાના બંન્ને શ્રમ અધિકારીઓએ દરોડા પાડ્યાના રિપોર્ટ કર્યા હોય તો પણ તેની હવે તપાસ થવી જોઈએ. માત્ર કાગળ ઉપર દરોડા પાડ્યાની વિગતો સરકારમાં મોકલવામાં આવી નથી ને..??

ઓફીસનો ખાડે ગયેલો વહીવટ, બંન્ને ફોન બંધ

જિલ્લામાં બાળ મજૂરીના દૂષણે અજગરી ભરડો લીધો છે ત્યારે અધિકારીઓ અને તેમનો કહ્યાગરો સ્ટાફ જવાબ આપવા ન પડે તે માટે મોબાઈલ ઉપાડવાનું ટાળી રહ્યા છે. જ્યારે ઓફીસનો વહીવટ જ ખાડે ગયો હોય તેમ ઓફીસના બંન્ને ફોન નં.૨૪૦૬૨૭ અને ૨૪૧૯૯૫ બંધ હોવાનું બહાર આવ્યું છે. જિલ્લા કલેક્ટરે કચેરીના ખાડે ગયેલા વહીવટ સામે યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ.

ટેલિફોન બંધ હોવા અંગે કલેક્ટરને રજૂઆત

જિલ્લા સરકારી શ્રમ અધિકારીની લાલીયાવાડીથી બાળમજૂરીનું દૂષણ ફૂલ્યું ફાલ્યું છે. ટેલિફોન પણ બંધ છે ત્યારે સાબરકાંઠા જિલ્લા ઈન્ચાર્જ કલેક્ટર ડા.રાજેન્દ્ર પટેલને રજૂઆત કરવામાં આવી છે.